# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2558 ❖ જ્યેષ્ઠ પૂર્ણિમા ❖ 2 જૂન 2015 ❖ વર્ષ – 16 ❖ અંક – 3 ❖ સળંગ અંક - 183

## ધમ્મવાણી

यदा हवे पातुभवन्ति धम्मा, आतापिनो झायतो ब्राह्मणस्स।
अथस्स कङ्खा वपयन्ति सब्बा, यतो पजानाति सहेतुधम्मं।।
अथस्स कङ्खा वपयन्ति सब्बा, यतो खयं पच्चयानं अवेदी।
विधूपयं तिट्ठति मारसेनं, सरियोव ओभासयमन्तलिक्खं।।

જયારે કોઇ બ્રાહ્મણ–તપસ્વીને ધ્યાન કરતાં કરતાં (બોધિપક્ષીય) ધર્મ પ્રગટ થાય છે. ત્યારે તેની બધી શંકાઓ દૂર થઇ જાય છે. કારણ કે તે બધી જ ઉત્પન્ન થવાવાળી સ્થિતિઓનાં કારણ જાણી લે છે. તેની બધી જ શંકાઓ દૂર થઇ જાય છે, કારણ કે તે કારણોના નષ્ટ થવાનું પણ જાણી લે છે. (અને એ પ્રકારે કારણને નષ્ટ કરીને) (પ્રબળ) મારસેનાને પરાજિત કરતાં કરતાં (પૂર્ણવિમુક્ત અવસ્થામાં) એવી રીતે પ્રતિષ્ઠિત થઇ જાય છે, જે રીતે સમગ્ર અંધકારને પરાસ્ત કરીને સૂર્ય અંતરીક્ષમાં પ્રતિષ્ઠિત થાય છે.

## સત્ય એજ ધર્મ છે

સત્યથી અતિરિકત ધર્મની બીજી કઇ વ્યાખ્યા હોઇ શકે ? સત્ય જ ધર્મ છે, અસત્ય અધર્મ. અહીં સત્યનો અર્થ કેવળ વાણીની સચ્ચાઇ જ નહિં, બલકે ધર્મ શબ્દની જેમ તેનો પણ એ જ વ્યાપક અર્થ છે – એટલે કે સ્વભાવ, ગુણ, નિયમ, વિધાન. પ્રકૃતિના પોતાના ગુણ, સ્વભાવ છે, નિયમ–વિધાન છે. તે નિયમો – વિધાનોની, એ ધર્મોની સચ્ચાઇથી સમગ્ર–સજીવ નિર્જીવ, ચરાચર વિશ્વ બંધાયેલું છે. આ વ્યાપક અર્થમાં સત્ય અને ધર્મ પર્યાયવાચી શબ્દ છે.

પ્રકૃતિના સ્વભાવની સચ્ચાઇ આપણે જેટલા પ્રમાણમાં સમજીએ અને સ્વીકારીએ તેટલા જ પ્રમાણમાં ધર્મને જ સ્વીકારીએ છીએ. સચ્ચાઇ ત્રણ પ્રકારે સ્વીકારાય છે. સ્વીકારવાનું પહેલું પગલું શ્રદ્ધાની ભૂમિકાથી આરંભ થાય છે. કોઇ બુદ્ધ જ્ઞાનીએ પોતાના બોધિ – જ્ઞાન દ્વારા મળેલી આ સચ્ચાઇને શબ્દોમાં વ્યકત કરી. આપણા મનમાં એ શબ્દ–સત્યને સ્વીકારવું થયું. પરંતુ શબ્દ – સત્યમાં સચ્ચાઇની પરિપૂર્ણતા નથી હોતી. જયારે કોઇ અનુભૂતિજન્ય જ્ઞાનને શબ્દોમાં ઉતારવામાં આવે છે, એટલે કે કોઇ સત્યદ્રષ્ટા, ઋષિ શબ્દસ્રષ્ટા બને છે તો સત્યનો કેટલોક અંશ નષ્ટ થઇ જ જાય છે. માટે શબ્દ સત્ય આંશિક સત્ય જ હોય છે. કેમ કે શબ્દ અને ભાષાની પોતાની સીમાઓ છે. ઉન્નતથી ઉન્નત ભાષા પણ આંતરિક અનુભૂતિઓને સ્પષ્ટ વ્યકત કરવામાં અસર્મથ ઠરે છે અને પછી સત્ય શોધકોની કેટલીક અનુભૂતિઓ એવી છે જે વર્ણનાતીત હોય છે. શબ્દો દ્વારા તેમનું વર્ણન નથી કરી શકાતું. તેમના વિશે નેતિ–નેતિ જ કહી શકાય. કહેનાર કેવળ એટલું જ કહીને રહી જાય છે કે આમ તો નથી, આમ તો નથી જ. ત્રણ આયામો – પરિણામની જાણકારી કયા શબ્દોમાં આપવી ? ઇન્દ્રિયાતીત અનુભૂતિ ઇન્દ્રિયોના માધ્યમથી કેવી રીતે સમજાવી શકાય ? સમજાવવાની કોશિશ કરીએ તો પણ કોઇ કેવી રીતે સમજે ?

તેથી, દરેક સમજદાર વ્યકિત માટે આ અનુભવોની ચર્ચા કરતાં નકારવા સિવાય કોઇ ઉપાય નથી રહેતો. આવું પરમસત્ય કયારેય શબ્દસત્ય બની જ નથી શકતું.

ઇન્દ્રિયોની અનુભૂતિ માટે તો શબ્દ અસર્મથ છે જ, પરંતુ ઇન્દ્રિયોની અનુભૂતિઓને પણ શબ્દોમાં બરાબર નથી ઢાળી શકાતી. સૂક્ષ્મતર અનુભૂતિઓ મોટે ભાગે 'ગૂંગાનો ગોળ' બની રહે છે. વ્યક્ત કરવાના બધા પ્રયત્નો અધૂરા રહે છે. ભાષાની સીમાઓની ઉપરાંત બોલવા અને લખવાવાળાની અને તેથી પણ અધિક સાંભળવા અને વાંચવાવાળાની પોતપોતાની સીમાઓ છે, જે શબ્દ સત્યને પૂર્ણ સત્ય બનવામાં બાધક બને છે. કહેનાર જે કહેવા ચાહે છે, તેને બરાબર કહી ન શકે અને જે કહે તે જે અર્થમાં કહેવાયું છે, સાંભળનાર તે અર્થમાં સમજી ન શકે, આ જ શબ્દસત્યની અપૂર્ણતા છે.

આમ છતાં અનુભૂતિજન્ય સત્યને શબ્દોમાં ઉતારવાના પ્રયત્નો થાય જ છે. થોડા પ્રમાણમાં તેનો લાભ થયો છે, તો કેટલાક અંશે હાનિ પણ. જયાં તેમને ખુલ્લા દિમાગથી અપનાવાયા, ત્યાં લાભ થયો. પરંતુ જયાં તેમને પૂર્ણ સત્ય માનવાનો હઠાગ્રહ થયો, ત્યાં સાંપ્રદાયિક અંધવિશ્વાસ અને અંધમાન્યતાઓને પ્રોત્સાહન મળ્યું. લોકોના દિમાગ પર તાળાં લાગ્યાં. સત્ય – અનુસંધાનના ક્ષેત્રમાં માનવની પ્રગતિ રોકાઇ ગઇ.

પરંતુ માનવ આખરે તો મનુપુત્ર છે ને ? મનથી ઊપજેલો છે. મનન–ચિંતન કરીને જ કોઇ સત્યને સ્વીકારવું તેનો જન્મજાત સહજ સ્વભાવ છે. સાંપ્રદાયિક નેતાઓ દ્વારા તેના ચિંતન–મનનની પ્રતિભાને કુંઠિત કરી તેને જડભરત બનાવી રાખવાના હજાર પ્રયત્નો છતાં પણ માનવ સમાજનો એક પ્રબુદ્ધ વર્ગ શબ્દસત્યને તપાસવા–પારખવા, બુદ્ધિના ત્રાજવા પર તોલવા, તર્કની કસોટી પર કસવા અને યુકિતઓના હથોડાના ઘા મારવાનું કામ કરતો જ રહ્યો છે. તેનાથી જ સત્યનું એક બીજું સ્વરૂપ ઉજાગર થયું, જેને અનુમાનસત્ય અથવા બૌદ્ધિકસત્ય કહેવામાં આવ્યું. દરેક સચ્ચાઇને બુદ્ધિની ભઠ્ઠીમાં તપાવવી જોઇએ. તેના સંશોધનમાં મગજનો ઉપયોગ થવો જોઇએ. યુકિતયુકત અને તર્કસંગત લાગે તો જ સ્વીકારવું જોઇએ. આ નીતિને કારણે સત્યના અનુસંધાનના ક્ષેત્રમાં માનવની પ્રગતિ આરંભ થઇ. અંધવિશ્વાસો, માનવીય વિકાસનો રસ્તો ખૂલ્યો. અંધશ્રદ્ધા અને ભકિત–ભાવાવેશના ગુંગળામણભર્યા વાતાવરણથી અને શબ્દસત્યને સંપૂર્ણ સત્ય માનવાના દુરાગ્રહભર્યા ઘેરા ધુમ્મસમાંથી બહાર નીકળવામાં સફળતા મળી. કોઇ વાતને આંખ મીંચીને માની લેવાની આદત છૂટી. આવું કેમ ? એ જાણવાની ઉત્સુકતા વધી.

પરંતુ જે પ્રકારે શબ્દસત્યની માન્યતા ઘણાખરા અંધવિશ્વાસોથી દૂષિત થઇ ઊઠી, એજ પ્રકારે અનુમાન એટલે કે બૌદ્ધિકસત્યની માન્યતા પણ બહુધા શુષ્ક તર્ક – વિતર્કના ગાઢ જંગલમાં જ ભટકીને રહી ગઇ. આમ પણ આ બંનેથી એટલે કે શબ્દ અને અનુમાનથી સત્યનો આભાસ જ થઇ શકે છે, અનુભૂતિ નહીં. સત્યાભાસ એટલે ધર્માભાસ અને જયાં ધર્માભાસ હોય છે ત્યાં ધર્મના નામ પર ભ્રાંતિ ફેલાવાની આશંકા રહે જ છે. સત્યની અનુભૂતિ જ ધર્મની સાચી અનુભૂતિ છે. તેથી , આ બંનેની આગળની કલ્યાણકારી મંઝિલ પ્રત્યક્ષ સત્યની મંઝિલ છે. પ્રત્યક્ષ સત્ય સૂક્ષ્મ આભ્યાંતરિક અનુસંધાન એ જ સાચી યાત્રા છે. આ જ ધર્મની ઊંડી શોધ છે. આ પ્રત્યક્ષ અનુભૂતિઓ દ્વારા જેટલો જેટલો સત્યાંશ પ્રગટ થાય છે, માનવ તેટલો તેટલો ધર્મપથ પર

આગળ વધે છે.

પરંતુ અનુભૂતિઓના સ્તર પર સત્ય ધર્મનું સ્વયં અન્વેષણ કરી તેને સ્વીકારવું કઠણ કામ છે. જયારે અંધવિશ્વાસના સ્તર પર કોઇ પરાયા કથનને સ્વીકાર કરી લેવું સરળ છે. એટલા માટે જ માનવજાતિના લાંબા ઈતિહાસમાં મોટા ભાગે શબ્દસત્યના આધાર પર અંધવિશ્વાસી સંપ્રદાય જ ફૂલ્યાફાલ્યા. થોડા લોકોએ અંધવિશ્વાસને ઠુકરાવીને બુદ્ધિનો પ્રયોગ કર્યો. પરંતુ તે પણ બહુધા અનુભૂતિના ક્ષેત્રમાં શૂન્ય રહી જવાને કારણે બૌદ્ધિક મતમતાંતરોવાળા સંપ્રદાયોના પ્રણેતા અથવા અનુયાયી જ થઇને રહી ગયા. જયાં આંતરિક અનુભૂતિ થાય છે, ત્યાં સાંપ્રદાયિક ભેદભાવની શકયતા ઓછી રહે છે. અન્યથા શબ્દો અને બૌદ્ધિક તર્ક–વિતર્કોની ભિન્નતા વિભિન્ન સંપ્રદાયોનું પોષણ કરે છે. આંતરિક અનુભૂતિઓ પણ નિષ્પક્ષ સત્યશોધન હેતુ હોય તો જ શુદ્ધ ધર્મને બળ આપે છે. અન્યથા પૂર્વાગ્રહપૂર્ણ હોય તો એ પણ મતમતાંતરોને પ્રોત્સાહન આપશે.

વાસ્તવમાં સત્ય તો એક જ છે.ભિન્ન ભિન્ન કેવી રીતે હોઇ શકે? સમગ્ર પ્રકૃતિનું વિધાન એક જ છે. અલગ અલગ કેવી રીતે હોઇ શકે ? પરંતુ કોઇની પ્રત્યક્ષ અનુભૂતિ પર ઊતરેલ આ વિધાન જયારે વાણીનો વેશ ધારણ કરે છે તો આ વેશ અવશ્ય ભિન્ન ભિન્ન હોય છે. ભાષા, શબ્દ, વકતા ભિન્ન ભિન્ન હોવાને કારણે સત્ય પણ ભિન્ન ભિન્ન લાગે છે. જયારે કોઇ ભકત, કોઇ મહાપુરૂષ દ્વારા અનુભૂત સત્યને સ્વયં પોતાની અનુભૂતિ પર તો ઉતારે નહીં, પરંતુ અંધશ્રદ્ધાજન્ય ભાવાવેશના સ્તર પર તેની વાણી અને એ શબ્દોની સાથે તેની ઘેરી આસકિત થઇ જવી સ્વાભાવિક છે. તેને તે શબ્દ જ સત્ય દેખાય છે, બાકી બધું મિથ્યા. અહીંથી જ સંપ્રદાયનો પાયો નખાવો શરૂ થઇ જાય છે. સત્યનો સાક્ષાત્કાર કરનાર કોઇ સંપ્રદાયમાં કેવી રીતે બંધાશે ? પરંતુ શબ્દોમાં લોટપલોટ લગાવનાર સંપ્રદાયનું પોષણ કરે છે. પહેલી વ્યકિત માટે ભાષા કેવળ માધ્યમ છે. તેથી ગૌણ છે. પરંતુ બીજી માટે ભાષા અને શબ્દ જ પ્રમુખ છે.

જો હું હિંદુ સંપ્રદાયમાં છું, તો 'યમ–નિયમ' શબ્દનો પ્રયોગ થતો જોઇને પ્રસન્ન થઇ ઊઠું છું; બૌદ્ધ છું, તો 'પંચશીલ', જૈન છું તો 'અણુવ્રત' અને ખ્રિસ્તી છું તો 'ટેન કમાંડમેંટ્સ'ના શબ્દોને સાંભળીને ગર્વથી છાતી ફુલાવી લઉં છું. પરંતુ ધર્મની વાસ્તવિક સચ્ચાઇ જીવનમાં ઊતરી કે નહીં, શીલ – સદાચાર જીવનનું અંગ બન્યું કે નહીં, પોતાની સંકીર્ણ સાંપ્રદાયિક વૃત્તિને કારણે હું આને જરાય મહત્ત્વ આપતો નથી. કેવળ શબ્દોને જ 'મારો ધર્મ' 'તારો ધર્મ' કહીને સારા – નરસાની સંજ્ઞા આપતો રહું છું.

'સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન, સમ્યક્ચારિત્ર્ય' આ શબ્દોનો પ્રયોગ કોઇ પણ જૈનને કર્ણપ્રિય લાગે છે. એ જ પ્રકારે 'શીલ, સમાધિ, પ્રજ્ઞા' કોઇ બૌદ્ધને, 'સ્થિતપ્રજ્ઞ, અનાસકત' કોઇ ગીતાભકતને અને 'હોલી, ઈનડિફરેંસ'નો પ્રયોગ કોઇ ખ્રિસ્તીને. તેવી રીતે જ કોઇને ધર્મ શબ્દ સાંભળતાં જ લાગે છે જાણે કાનમાં ચાંદીની ઘંટડીઓ રણકી રહી હોય અને તે જ વ્યકિતને 'ધમ્મ' શબ્દ સાંભળતા જ લાગે છે, જાણે છાતી પર સાંબેલાના પ્રહારો થઇ રહ્યા હોય. આનાથી ઠીક વિપરીત કોઇ બીજી વ્યક્તિને 'ધમ્મ' શબ્દમાં દેવ–દુદુંભિ જેવો શ્રુતિમધુર મંગળઘોષ સંભળાય છે અને 'ધર્મ' શબ્દ તેને કાંટાની માફક ખૂંચે છે. કેવી આસકિત પેદા કરી લીધી છે આપણે શબ્દોની સાથે ? આ કારણે તેમના અર્થોની તરફ ધ્યાન નથી જતું અને ધ્યાન જાય તો તે પણ એટલું જ નિરર્થક છે. કારણ કે અર્થ જીવનમાં ઊતરતા નથી. સંપ્રદાય અને ધર્મમાં આ જ મૌલિક ભેદ છે. સંપ્રદાય શબ્દોને મહત્ત્વ આપે છે અને ધર્મ અર્થોને તથા તેમને ધારણ કરવાને. આપણે પોતાને હજાર સંપ્રદાયવિહીન કહીએ, પરંતુ સચ્ચાઇ એ જ છે કે આપણા માટે સંપ્રદાય પ્રમુખ થઇ ગયા છે, એટલે જ શબ્દ પ્રમુખ થઇ ગયા છે, અર્થ ગૌણ. પ્રત્યક્ષ અનુભૂતિ તો લુપ્તપ્રાયઃ થઇ ગઇ છે. જેને જુઓ શબ્દસત્યની પાછળ પાગલ છે. ખૂબ થોડા છે જે અનુમાનસત્યની તરફ વધે છે. પ્રત્યક્ષસત્ય સુધી જવાની કોઇને ફૂરસદ જ નથી અને કોઇ તેની આવશ્યકતા પણ અનુભવતા નથી.

આપણી, હિંદુઓની છાતી ફુલાઇ જાય છે જયારે કોઇ બિનહિંદુ ગીતાના કોઇ શ્લોકનો પોતાના ભાષણમાં ઉલ્લેખ કરે છે. એ જ પ્રકારે આપણા બૌદ્ધોના અને જૈનોના હ્દયતાર ઝણઝણી ઊઠે છે, જયારે કોઇ અબૌદ્ધ કે અજૈની ધમ્મપદ કે મહાવીરવાણીનો પોતાના ભાષણોમાં ઉલ્લેખ કરે છે. કેવી આસકિત પેદા કરી લીધી છે આપણે પોતપોતાના સંપ્રદાયની વાણીથી. જે પરંપરા અને પરિવેશમાં આપણે જન્મ્યા અને ઊછર્યા તેના ધર્મગ્રંથો પ્રત્યે શ્રદ્ધા, આદર અને વલણ હોવામાં કોઇ દોષ નથી, કેમ કે તેમનાથી જ આપણે પ્રેરણા અને માર્ગદર્શન પામીએ છીએ. પરંતુ દોષ આસકિતથી, ચિપકાવથી છે. આ આપણા ચિપકાવનું જ પરિણામ છે કે એ જ સચ્ચાઇ કોઇ અન્ય સંપ્રદાયવાળો પોતાની ભાષામાં બોલે અને પોતાના મહાપુરુષ દ્વારા કહેલી છે એમ બતાવે તો આપણું મન કેટલું વિક્ષિપ્ત થઇ ઊઠે છે? સચ્ચાઇ પરાઇ લાગે છે. આ આસકિતનું મુખ્ય કારણ એ જ છે કે આપણી શ્રદ્ધા વાંઝણી રહી ગઇ. તેનું કોઇ ફળ પ્રાપ્ત ન થયું. આપણે આપણા ધર્મગ્રંથોની સચ્ચાઇને કેવળ શ્રદ્ધા સુધી જ સીમિત રાખી. સ્વાનુભૂતિઓથી તેનો સ્વાદ ન ચાખ્યો. તેથી, આપણા માટે તો સદા શબ્દ જ સત્ય રહ્યા. અને જે શબ્દોમાં આ સચ્ચાઇ કહેવાઇ છે તે આપણી પરંપરાના નથી, એટલા માટે જ આપણા માટે શબ્દોની સાથે સાથે સચ્ચાઇ પણ પરાયી થઇ ગઇ છે. પરંતુ જયારે આપણે એ જ સચ્ચાઇનો સ્વયં સાક્ષાત્કાર કરી લઇએ તો તેમાં પરાયાપણું નથી રહેતું. સત્ય તો સત્ય છે, અલગ અલગ કેવી રીતે હોઇ શકે ? સંસ્કૃત, પાલી, પ્રાકૃત, હિબ્રુ, અરબી વગેરે વિભિન્ન ભાષાઓના શબ્દ, શબ્દસત્ય માનવાવાળાને અલગ અલગ લાગશે. પરંતુ તેનાથી જરા આગળ વધીને અને થોડી બુદ્ધિનો પણ ઉપયોગ કરીએ તો આ બૌદ્ધિક સત્ય કેટલાયે કોયડાને ઉકેલવામાં સહાયક થશે. સત્યથી સંબંધ રાખનાર અનેક વિભિન્નતાઓ દૂર કરશે. પરંતુ જયારે સ્વંય અનુભૂતિઓ પર ઉતારવા લાગીશું તો સચ્ચાઇની બધી વિભિન્નતાઓ ધીરે ધીરે દૂર થશે જ. સચ્ચાઇઓમાં ભેદ નજર નહીં આવે, શરત એ જ છે કે અનુભૂતિનો પ્રયોગ પૂર્વાગ્રહવિહીન હોય અને સત્યશોધન માટે જ હોય.

સત્ય ન પોતાનું હોય છે, ન પરાયું; ન જૂનું હોય છે, ન નવું; ન વૃદ્ધ હોય છે, ન યુવાન; ન બર્મી હોય છે, ન ભારતીય; ન હિન્દુ હોય છે, ન મુસલમાન; સત્ય સત્ય છે – સદા એકસમાન, સર્વત્ર એકસમાન. પરંતુ કોઇ માન્યતાને જયારે કોઇ કપોળકલ્પનાઓ પર આશ્રિત કરી સત્ય માનવા લાગીએ છીએ તો વિભિન્નતા આવે જ છે. નિષ્પક્ષ અનુભૂતિજન્ય સત્યમાં ભેદ નથી હોતો. શબ્દસત્ય અને અનુમાન–સત્યની સીમાઓને ઓળંગીને જયારે આપણે પ્રત્યક્ષ સત્યને મહત્ત્વ આપવા લાગીએ છીએ તો મિથ્યા કલ્પનાઓનાં મૂળ ઢીલાં પડવા લાગે છે, શુદ્ધ ધર્મ પ્રતિષ્ઠાપિત થવા લાગે છે. જે અનુભૂતિઓ પર ઊતરે તે જ સત્ય, એવું માનીને ચાલવું એ ધર્મના રસ્તા પર ચાલવું છે, સત્યના, જ્ઞાનના, મુકિતના રસ્તા પર ચાલવું છે. આવા વાતાવરણમાં અંધવિશ્વાસ ન ટકી શકે. અનૃત, અસત્યનું પોષણ થવું શકય નથી બનતું. સત્યધર્મ અનુસંધાનનો વિષય છે, અંધાનુકરણ નહીં.

પરંતુ જયાં સંપ્રદાયનું પોષણ થાય છે ત્યાં સાંપ્રદાયિક નેતા સત્યને સમીપ નથી આવવા દેતા, સચ્ચાઇને તર્કની કસોટી પર પણ કસવા નથી દેતા. અનુભૂતિઓ પર ઉતારવું તો બહુ દૂરની વાત છે. કહે છે ધર્મમાં અક્કલની દખલ નથી હોતી. કેવો ધર્મ છે આ, જેમાં અક્કલને સ્થાન ન હોય ? વિના અક્કલ, વિના બોધિનો ધર્મ, ધર્મ કેવી રીતે થયો ? હા, એ ઠીક કે સંપ્રદાયમાં અક્કલની દખલ નથી હોતી, કેમ કે અક્કલ આવતાં જ સંપ્રદાયના ટુકડા ટુકડા થઇ જાય છે. ત્યાં તો અંધવિશ્વાસ જ પોષાય છે, અનૃતની ધરાતલ પર અધર્મ જ પોષાય છે. ધર્મ ન પોષાઇ શકે. જયારે વ્યકિત પોતાના દિમાગને કેદ કરી લે છે તો સચ્ચાઇનું અનુસંધાન આપોઆપ બંધ થઇ જાય છે, ધર્મના જાણે પગ કપાઇ જાય છે, તેની આંખો ફૂટી જાય છે અને તે લંગડો અને અંધ બની સંપ્રદાય બની જાય છે. માણસે ત્યારે ત્યારે સત્યની શોધ કરવી મૂકી દીધી જયારે જયારે 'બાબા વચન પ્રમાણ' વાળું ગુરૂડમ તેની સામે દિવાલ બનીને ઊભું રહી ગયું.

કોઇ પણ સંકુચિત બુદ્ધિવાળા સાંપ્રદાયિક નેતાને એ જ ભય રહે છે કે મારા વાડાનું એક પણ ઘેટું વાડો તોડીને કોઇ બીજાના વાડામાં ન જાય. મારાં સઘળાં અનુયાયીઓનો ઘેટાં–બકરાં અને ગાય–ભેંસ જેવો અંધાનુકરણવાળો સ્વભાવ બની રહે. એટલે જ તે તેમના પર પોતાની સાંપ્રદાયિક માન્યતાઓનો ઘેરો નશો ચડાવેલો રાખે છે. અનેક તર્કહીન અને અસંગત વાતોને માનવા માટે મજબૂર કરતો રહે છે. ન માને તો નારકીય પીડાઓનો આતંક અને માને તો મુક્તિ–મોક્ષનું પ્રલોભન આપતો રહે છે. શું દશા થઇ ગઇ છે આપણી, મનુપુત્રોની ! મનન–ચિંતનનો સ્વભાવ શું ખોઇ બેઠા ! જાણે અંધસંપ્રદાયના ભૂતને શિર પર સવાર કરી લીધું ! આપણે આપણા ધર્મગ્રંથોને વિના વિચાર્યે–સમજે સત્ય માનીએ અને બીજા ધર્મગ્રંથોને વિના વાંચ્યે અસત્ય જ માનીએ, આવો ભાવાવેશ આપણી અંદર ઠાંસી–ઠાંસીને ભરવામાં આવ્યો છે. આપણને ધર્મ સાથે કોઇ લેવાદેવા નથી, આપણા માટે સંપ્રદાય જ પ્રમુખ છે. ખરાબમાં ખરાબ, અધાર્મિક, દુરાચારી વ્યક્તિ પણ જો આપણા સંપ્રદાયમાં છે તો ભલો. અન્યથા સારામાં સારો, ધાર્મિક, સદાચારી માણસ, પરાયા સંપ્રદાયમાં છે તો આપણને દીઠો નથી ગમતો.

આપણે આપણા મા–બાપથી વારસામાં જેવી રીતે પોતાનો ચહેરો–મહોરો અને બોલી – ભાષા મેળવીએ છીએ, તેવી જ રીતે અંધ વિશ્વાસ અને અંધ માન્યતાઓ પણ મેળવીએ છીએ, અંધ ભક્તિનો ભાવાવેશ મેળવીએ છીએ, સાંપ્રદાયિકતાનું આતંકભર્યું પ્રલોભન પણ મેળવીએ છીએ, જે આપણી અંધ માન્યતાઓની જકડનને મજબૂત બનાવે છે. પરંતુ સાથે સાથે માનવીય બૌદ્ધિક સંપદાનાં બી પણ પામીએ છીએ. આપણે આપણાં મા–બાપથી પ્રાપ્ત ચહેરો–મહોરો નથી બદલી શકતાં, પરંતુ આ માન્યતાઓને પોતાની બુદ્ધિના પ્રયોગથી અને પોતાની અનુભૂતિઓના બળ પર અવશ્ય બદલી શકીએ છીએ. જેટલી કામની હોય તેટલી રાખી શકીએ છીએ, જે નકામી હોય તેને ઉખાડીને ફેંકી શકીએ છીએ. બુદ્ધિનો બિલકુલ ઉપયોગ ન કરીએ, સ્વાનુભૂતિઓનો જરા પણ અભ્યાસ ન કરીએ તો વિના સમજે એ અંધ માન્યતાઓને પોતાના ચહેરા–મહોરાની જેમ એવી જ બનાવી રાખવાના દરેક સંભવિત પ્રયત્નો કરીએ છીએ.

સત્ય ધર્મના અનુસંધાનમાં અંધ માન્યતાઓની સાથે કોઇ સમાધાન નથી થઇ શકતું. જયાં જયાં પણ અંધમાન્યતાઓનો આગ્રહ છે, ત્યાં ધર્મ નહીં સંપ્રદાય છે અને સમજવું જોઇએ કે કોઇ, આપણને સ્વાર્થવશ કે અજ્ઞાનવશ પોતાના વાડામાં બાંધી રાખવા ઇચ્છે છે. સત્ય અને ધર્મ માટે વિચાર, વિમર્શ અને વાણીનું સ્વાતંત્ર્ય નિતાંત આવશ્યક છે. પ્રત્યક્ષ અનુભૂતિઓનો અભ્યાસ તેનાથી પણ અધિક આવશ્યક છે. એના પર બેડીઓ લાગેલી હોય તો સમજો કે આપણે સત્ય અને ધર્મથી દૂર ભટકી રહ્યા છીએ.

અનુમાન અને પ્રત્યક્ષ સત્યનું જોડાણ ઘણું કલ્યાણકારી હોય છે. જે અનુભવીએ તેને બૌદ્ધિક સ્તર પર સમજીએ અને જેને બૌદ્ધિક સ્તર પર સમજીએ તેને અનુભૂતિઓના સ્તર પર જાણીએ, આ જ સત્ય – શોધ છે. આ સત્યશોધમાં શબ્દસત્ય ભૂમિકા અને માર્ગનિર્દેશનનું કામ કરે છે, પરંતુ એ શરતે કે આપણે તેનો ઉપયોગ ખુલ્લા દિમાગથી કરીએ. પરંતુ જયારે સત્યનો શોધક કોઇ પૂર્વ માન્યતાનો પક્ષધર બની જાય છે તો સત્યનું અનુસંધાન છૂટી જાય છે. પછી તો જીવનભર યેનકેન પ્રકારે પોતાની માન્યતાને સિદ્ધ કરવાનો પરિશ્રમ કરે છે.

કોઇ મહાપુરૂષની અનુભૂતિસિદ્ધ વાણી હોય, તેમાં આપણી બુદ્ધિની કસોટીની પરખ હોય અને તેના આધાર પર આપણો પ્રત્યક્ષાનુભૂતિનો અભ્યાસ હોય તો સત્યધર્મનો રથ ઠીક દિશામાં આગળ વધે છે અને ગંતવ્ય સુધી પહોંચે છે. સત્યનાં આ ત્રણ મહત્ત્વપૂર્ણ અંગોનો બરાબર ઉપયોગ કરતાં કરતાં આપણે અસત્યથી સત્ય તરફ, અજ્ઞાનથી જ્ઞાન તરફ, બંધનથી મુક્તિ તરફ વધતાં જઇએ, એમાં જ આપણા સહુનું કલ્યાણ, મંગળ, ભલું સમાયેલું છે.

- કલ્યાણમિત્ર સત્યનારાયણ ગોયન્કા

**- ''ધર્મ - આદર્શ જીવનનો આધાર'' પુસ્તક માંથી સાભાર**

## ધમ્મપાલી કેન્દ્ર - શુભારંભ : નિમંત્રણ

ધર્મપ્રેમી ભાઇઓ / બહેનો

ગુરુ–શિષ્ય પરંપરા અને પૂ. માતાજીના ધમ્મ–આશિષ થકી નવનિર્મિત સાધનાકેન્દ્ર ધમ્મપાલીનો શુભારંભ કાર્યક્રમ તા. ૧૯ જુલાઇ ૨૦૧૫ ના રોજ આયોજિત છે. સોનગઢ–પાલીતાણા રોડ પર પાલીતાણાથી ૮ કિ.મી. દૂર સ્થિત આ કેન્દ્ર નૈસર્ગિક વાતાવરણમાં લીલોતરીથી છવાયેલ છે.

સવારે ૧૦ થી સાંજે ૫ દરમિયાન વિવિધ કાર્યક્રમોમાં સામૂહિક સાધના, વરિષ્ઠ આચાર્યોનાં પ્રવચન, ધર્મચર્ચા, જિજ્ઞાસુ સાધકોની સમસ્યાઓનું સમાધાન અને ધમ્મપાલી કેન્દ્રના ભાવી નકશા વિષયક ચર્ચા, વગેરે કાર્યક્રમો દિવસભર ચાલશે.

સાધકો અને આચાર્યોના શુદ્ધ ધમ્મ–તરંગો થકી લાભાન્વિત થનાર આ કેન્દ્રને આપના આગમનની રાહ છે. આવો આપણે એકબીજા સાથે મળીએ, હળીએ અને સાથે તપ કરીએ. ધર્મને વધુ સમજવામાં એકમેકને સહાયક બનીએ.

ધમ્મપાલી કેન્દ્ર સમિતિ આપને આપના સાધક મિત્રો અને પરિવાર સાથે આ પુનીત અવસર પર ઉપસ્થિત રહેવા અંતરતમ નિમંત્રણ પાઠવે છે. આપની ઉપસ્થિતિ વાતાવરણને વધુ શુચિ, સાત્ત્વિકતા અને બળ પ્રદાન કરશે.

નોંધ : આપના આગમનની જાણ વહેલાસર કરી દેશો.

**-: સંપર્ક :-**

| | | |
|---|---|---|
| **અલકાબેન શાહ** | - | ૯૩૭૪૯ ૯૯૮૬૬ |
| **ડો. એન. ડી. સૂચક** | - | ૮૭૫૮૩ ૭૧૭૧૭ |
| **નીતેશભાઇ કોઠારી (મુંબઇ)** | - | ૦૨૨-૨૨૮૭૧૬૯૪ |

**ભાવનગર સિટી ઓફિસ : Ph. 0278 - 2521066, M : 78 58 56 16 16**
**ધમ્મપાલી કેન્દ્ર : M : 78 78 10 36 36, 8905554666**
**E-mail : info@dhammapali.com**
**Web. : www.dhammapali.com, www.dhammapali.org**

## ધમ્મપાલી કેન્દ્ર - શુભારંભ અથવા ધ્યાન શિબિર માટે સુરતથી ધમ્મપાલી જવા અંગે વ્યવસ્થા

સુરતથી ધમ્મપાલી જવા ઇચ્છુક સાધકો / જિજ્ઞાસુઓ માટે સંપર્ક

**પ્રવિણભાઇ પટેલ - મો.: ૯૮૨૫૧ ૯૪૪૮૮**
**મનીષભાઇ પટેલ - મો.: ૯૮૨૫૬ ૩૪૫૮૦**

## સહાયક આચાર્ય કાર્યશાળા (વર્કશોપ)

આ વર્ષ (૨૦૧૫) ની સહાયક આચાર્ય કાર્યશાળા ધમ્મસિંધુ, બાડા (કચ્છ) ખાતે ૧૫ ઓગષ્ટ, ૨૦૧૫ સવારે ૯.૦૦ કલાક થી ૧૮ ઓગષ્ટ, ૨૦૧૫ બપોર દરમિયાન યોજાયેલ છે.

**નોંધ :** કાર્યશાળા અગાઉ તા. ૧૧ થી ૧૪ ઓગષ્ટ, ૨૦૧૫ દરમિયાન ૩ દિવસીય શિબિર થશે.

**-: રજીસ્ટ્રેશન :-**

**ધમ્મસિંધુ ઓફિસ પર : ૦૨૮૩૪ - ૨૭૩૩૦૩, મો.: ૯૯૨૫૬૭૪૧૦૪**

## જામનગર વિપશ્યના સમિતિ

- **સામૂહિક સાધના** – દર રવિવારે સમય : સવારે : ૮ થી ૯ કલાક
- **એક દિવસીય શિબિર** – દર મહિનાના બીજા રવિવારે સમય : ૯.૨૫ થી ૪.૦૦
- **આનાપાન શિબિર** – ત્રીજા રવિવારે, સમય : ૯.૨૫ થી ૧૧.૪૫
- **બાલ આનાપાન શિબિર** – ત્રીજા રવિવારે સમય : ૯ થી ૧ (ઉંમર : ૮ થી ૧૬ વર્ષ)

**સ્થળ :-** C/o. ભગવાનદાસ મોતિયાણી ૬૫/૬૬, દિગ્વિજય પ્લોટ, જોલી બંગલા પાછળ, જામનગર.

**સંપર્ક :-** ભગવાનદાસ મોતિયાણી મો.: ૯૮૯૮૬ ૭૧૨૫૧
રમેશભાઇ દવે મો.: ૯૯૦૯૦ ૧૦૨૪૫

| ભાવનગર વિપશ્યના કેન્દ્ર – **ધમ્મપાલી** | સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર–**ધમ્મકોટ** | કચ્છ વિપશ્યના કેન્દ્ર–**ધમ્મસિંધુ** | ગુર્જર વિપશ્યના કેન્દ્ર–**ધમ્મપીઠ** | ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર–**ધમ્મ દિવાકર** | દક્ષિણગુજરાત વિપશ્યના કેન્દ્ર–**ધમ્મ અંબિકા** | ધર્મજ વિપશ્યના કેન્દ્ર–**ધર્મજ** |
|---|---|---|---|---|---|---|
| ગામઃ તોડી,<br>સોનગઢ–પાલીતાણા રોડ, જી. ભાવનગર.<br>:: સંપર્ક ::<br>**ધમ્મપાલી કેન્દ્ર :**<br>M : 7878103636<br>M : 8905554666<br>M : 9227542910<br>**સિટી ઓફીસ :**<br>Ph. 0278 - 2521066,<br>M : 7858561616<br>E-mail :<br>info@dhammapali.com | રાજકોટ.<br>C/o. ભાભા ડાઈનીંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ–૧.<br>0281-2233666<br>M : 78 78 72 72 23<br>0281-2924942<br>M : 93279 23540<br>રજિસ્ટ્રેશન – સમય<br>૧૦:૦૦ થી ૦૧:૦૦<br>અને ૦૪:૩૦ થી ૭:૦૦<br>dhammakot@gmail.com | બાડા.<br>C/o. શ્રી ઈશ્વરલાલ ચુ. શાહ,<br>પ્રો. કે. ટી. શાહ રોડ,<br>માંડવી.<br>કચ્છ–૩૭૦ ૪૬૫<br>02834-273303<br>M : 78746 23305<br>M : 99256 74104 | અમદાવાદ<br>રનોડા<br>તા. ધોળકા,<br>જિ. અમદાવાદ–<br>૩૮૦ ૮૧૦<br>02714-294690<br>M : 94264 19397 | મીઠા, મહેસાણા.<br>C/o. ઉપેન્દ્રકુમાર પટેલ,<br>૭–અપના બજાર,<br>વિમલ સુપર માર્કેટ,<br>બી.કે. રોડ, મહેસાણા.<br>(ઉ.ગુ.)–૩૮૪ ૦૦૨.<br>02762-272800,<br>254634, 252345<br>M : 94292 33000 | નવસારી<br>નવસારી–બિલિમોરા થી ૧૫ કિ.મી., N.H. નં.–8<br>બોરિયાચ ટોલનાકાથી 2km,<br>વગલવાડ, તા.:ગણદેવી<br>02634-291100<br>292521<br>94281 60714<br>98250 44536<br>રજિસ્ટ્રેશન ૧૧થી ૫ દરમિયાન<br>0261-3260961 | હેમંતભાઈ પટેલ<br>02697- 245460,<br>245302<br>M : 94265 00765 |
| | **૧૦ દિવસીય શિબિરની માહિતી** | | | | | |
| 07-07 to 18-07-15<br>19-08 to 30-08-15<br>06-09 to 17-09-15<br>14-10 to 25-10-15<br>08-11 to 19-11-15<br>16-12 to 27-12-15<br>15-01 to 26-01-16<br>03-02 to 14-02-16<br>09-03 to 20-03-16 | 01-07 to 12-07-15<br>15-07 to 26-07-15<br>29-07 to 09-08-15<br>10-08 to 21-08-15<br>30-08 to 10-09-15<br>23-09 to 04-10-15<br>07-10 to 18-10-15<br>22-10 to 02-11-15 | 05-07 to 16-07-15<br>19-07 to 30-07-15<br>18-08 to 29-08-15<br>30-08 to 10-09-15<br>13-09 to 24-09-15<br>27-09 to 08-10-15<br>10-11 to 22-10-15<br>25-10 to 05-11-15 | 03-07 to 14-07-15<br>15-07 to 26-07-15<br>29-07 to 09-08-15<br>12-08 to 23-08-15<br>23-09 to 04-10-15<br>07-10 to 18-10-15<br>21-10 to 01-11-15<br>25-11 to 06-12-15 | 15-07 to 26-07-15<br>29-07 to 09-08-15<br>12-08 to 23-08-15<br>02-09 to 13-09-15<br>16-09 to 27-09-15<br>23-09 to 11-10-15<br>21-10 to 01-11-15<br>09-12 to 20-12-15 | 01-07 to 12-07-15<br>15-07 to 26-07-15<br>01-08- to 12-08-15<br>17-08 to 28-08-15<br>02-09 to 13-09-15<br>30-09 to 11-10-15<br>14-10 to 25-10-15<br>28-10 to 08-11-15 | 04-07 to 15-07-15<br>01-08 to 12-08-15<br>01-10 to 12-10-15<br>20-11 to 01-12-15<br>**મોગર કેન્દ્ર–ધમ્મ ભવન વડોદરા**<br>દર મહિનાના પહેલા રવિવારે સામૂહિક સાધના<br>૫–કાલિંદી પાર્ક,<br>અકોટા અતિથિ ગૃહ પાછળ,<br>વડોદરા–૩૯૦૦૨૦.<br>0265-2341181<br>M : 94263 32180<br>vvs04@ hotmail.com |
| **ફક્ત જૂના સાધકો માટે**<br>------------------ | **સતિપટ્ઠાન**<br>**13-09 to 21-09-15**<br>**12-01 to 20-01-16** | **સતિપટ્ઠાન**<br>**31-07 to 08-08-15**<br>**૨૦ - દિવસીય**<br>**19-07 to 09-08-15** | **૨૦ - દિવસીય**<br>**29-08 to 19-09-15** | **સતિપટ્ઠાન**<br>**04-07 to 12-07-15** | **સતિપટ્ઠાન**<br>**21-09 to 29-09-15**<br>**૩ - દિવસીય શિબિર**<br>**13-08 to 16-08-15**<br>**16-09 to 19-09-15** | |

**ઉના** સામૂહિક સાધના : સવારે ૬:૩૦ થી ૭:૩૦, **હરેશભાઈ જે. ટીલવાણી** ૪૨, વ્રજભૂમિ સોસાયટી, શેરી નં.૩, નવી મામલતદાર ઓફિસ પાછળ, ગીરગઢડા રોડ, મો.: 94277 38070

**ધોરાજી** સામૂહિક સાધના : સાંજે ૬:૧૫ થી ૭:૧૫, **ખીમજીભાઈ કોયાણી** કે.ઓ. શાહ કોલેજ, મો.: 98244 91245, એક દિવસીય શિબિર છેલ્લા રવિવારે, સમય : સવારે 8 થી 1

**શિબિરમાં આવનાર પ્રત્યેક વ્યક્તિએ ફોટો આઇડી (ફોટો ઓળખપત્ર) ની ઝેરોક્ષ લાવવી ફરજીયાત છે.**

**દર મહિનાના બીજા રવિવારે સવારે ૯-૩૦ થી ૧૧-૦૦ કલાકે બાળકો માટેની ''આનાપાન'' શિબિર, માસુમ સ્કુલ, યુનિ. રોડ, રાજકોટ ખાતે રાખવામાં આવે છે.**

## દોહા ધરમના

સોચે જનની જઠર મેં, જાને કિતની બાર ।
જરા વ્યાધિ કા મરણ કા, લિયે દુઃખોં કા ભાર ॥

દુઃખ જન્મ હૈ, દુઃખ મરણ, જરા વ્યાધિ દુઃખ હોય ।
ઈસ દુઃખમય સંસાર મેં, દુઃખ સે બચા ન કોય ॥

જગ મેં હોતા હી રહે, અપ્રિય સે સંયોગ ।
કૌન ભલા જીસકા કભી, પ્રિય સે હો ન વિયોગ ॥

**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨, રૂવાપરી રોડ, ભાવનગર – ૩૬૪ ૦૦૫.
ફોન : (૦૨૭૮) ૨૨૧૨૪૦૧–૨–૩ ની મંગલકામના

## દોહા ધરમના

હાય પુત્ર ! હા સંપદા ! હાય ! માન સમ્માન ।
હાય ! હાય ! કરતે હુએ, નિકલે તન સે પ્રાણ ॥

અનચાહી હોતી રહે, યહી જગત કી રીત ।
ચિત્ત વિચલિત કરતી રહે, મનચાહી કી પ્રીત ॥

દુઃખિયારે સબ લોગ હૈ, કરેં શાંતિ કી ખોજ ।
ચાહે તેલી ગંગુલા, ચાહે રાજા ભોજ ॥

**સોલંકી મિકેનિક વર્કસ**
૪૦/W ભક્તિનગર જી.આઇ.ડી.સી., રાજકોટ–૨.
ફોન : ૦૨૮૧ – ૨૩૬૨૧૮૯ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા,** મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. **તંત્રી : ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.) રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૧.

**વિપશ્યના 2 જૂન 2015** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

**ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-**

**'વિપશ્યના' Reg-No. GUJGUJ /2000/3013**
**Postal Reg. No. RAJKOT/450/2015-17**
**(Renewed upto 31.12.2017)**

**Weighs less than 30 gms**
**Posting day-25th of every month,**
**Posted at Rajkot RMS - 360 001.**
**Write PIN CODE for Correct Delivery**

If undelivered please return to :

**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
**ભાભા ડાઈનીંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ – 360 001.**
**સિટી ઓફિસ : ફોન – (0281) 2233666 / મો : 7878 7272 23**
**E-mail :** info@kota.dhamma.org / **Web site :** www.kota.dhamma.org